# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨/૭/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## સુરતના પ્રથમ IPS હરેશ દુધાત સાથે ઇન્ટરેકટીવ સેશન, યુવાનોને સિવિલ સર્વિસિસમાં જોડાવવા મહેનત કરવા હાંકલ કરી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના દ્વારા શુક્રવાર, તા. ૨ જુલાઇ ૨૦૨૧ના રોજ સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે સુરતમાંથી પહેલા IPS બનેલા હરેશ દુધાત સાથે ઇન્ટરેકટીવ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં હરેશ દુધાતે વિદ્યાર્થીઓ અને યુવાનોને આઇ.પી.એસ. બનવા માટે કરેલી મહેનત વિશે માહિતી આપી તેઓને પણ સિવિલ સર્વિસિસમાં જોડાવવા માટે હાકલ કરી હતી.

હરેશ દુધાતે જણાવ્યું હતું કે, સુરતમાં જ બાળપણ વિત્યું છે અને વરાછા વિસ્તારમાં શિક્ષણ લઇને બી.એસસી સુધીનો અભ્યાસ કર્યો છે. ધોરણ ૧૨માં હતો ત્યારથી આઇ.પી.એસ. બનવાની ઇચ્છા હતી. સુરતમાં જે તે સમયે જિલ્લા કલેકટર તરીકે ફરજ બજાવતા સંગિતા સિંગને મળીને તેમની પાસેથી માર્ગદર્શન મેળવ્યું હતું અને સિવિલ સર્વિસિસ માટેની તૈયારી શરૂ કરી હતી. ગ્રેજ્યુએટ થયો ત્યારે સુરતમાં યુપીએસસી કે જીપીએસસીની તૈયારી કરાવવા માટે કોઇ કલાસ ચાલતા ન હતા. અમદાવાદ જઇને પરીક્ષાની તૈયારી કરી હતી અને વર્ષ ૨૦૧૩ સુધીમાં ત્રણ વખત એટેમ્પ્ટ આપ્યા હતા. વર્ષ ૨૦૦૮માં એલ.આઇ.સી.ની પરીક્ષા પાસ કરી ડેવલપમેન્ટ ઓફિસર તરીકે ૨૨ મહિના સુધી નોકરી પણ કરી હતી. ત્યારબાદ યુપીએસસીની પરીક્ષાનો છેલ્લો એટેમ્પ્ટ આપી આઇપીએસ બન્યો હતો.

તેમણે કહયું કે, સુરતમાં વર્ષ ૨૦૧૩થી ૨૦૧૫ સુધી એ.સી.પી. ઇ– ડિવીઝન તરીકે ફરજ બજાવી હતી. ત્યારબાદ અમદાવાદ ખાતે એસ.સી./એસ.ટી. સેલમાં ડીવાયએસપી તરીકે નોકરી કરી છે. વિસનગરમાં ડીવાયએસપી તરીકે ફરજ બજાવ્યા બાદ સીઆઇડી ક્રાઇમમાં એસ.પી. તરીકે નોકરી કરી હતી. હાલમાં તેઓ

ગુજરાત પોલીસ એકેડમી ખાતે સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ અને ડેપ્યુટી ડાયરેકટર તરીકે ફરજ બજાવી રહયા છે. નોકરી દરમ્યાન તેમને થયેલા અનુભવોની તેમણે ચર્ચા કરી હતી અને વિદ્યાર્થીઓ તેમજ યુવાઓને પણ સિવિલ સર્વિસિસમાં જોડાવવા માટે મહેનત કરવાની હાકલ કરી હતી.

આ ઇન્ટરેકટીવ સેશનમાં ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. માનદ્‌ મંત્રી નિખિલ મદ્રાસીએ સેશનનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના ઇલેકટ પ્રેસિડેન્ટ આશિષ ગુજરાતી અને માનદ્‌ ખજાનચી મનિષ કાપડીયાએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના ઇલેકટ વાઇસ પ્રેસિડેન્ટ હિમાંશુ બોડાવાલાએ સર્વેનો આભાર માની સેશનનું સમાપન કર્યું હતું.